Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# Shree Atmanand Prakash



सद्वृत्तं सद्गुणप्राप्तिः सद्गुणाः सत्यसंयमौ ।
परोपकारो नम्रत्वं शमः सद्गुणसत्क्रिया ॥

* સદ્વર્તન એટલે સદ્ગુણોની પ્રાપ્તિ, અર્થાત્ સદ્ગુણમય આચરણ, સદ્ગુણોમાં મુખ્યતયા સત્ય, સંયમ, પરોપકાર, નમ્રતા, શમ અને ગુણીના ગુણો તરફ આદરભાવ.

* Good conduct consists in the acquisition of good virtues such as truthfulness, continence, benevolence, humility, calmness and respect for the virtues of others.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૫<br>卐<br>અંક : ૭-૮ | વૈશાખ-જેઠ<br>卐<br>મે-જુન-૯૮ | આત્મ સંવત : ૧૦૧<br>વીર સંવત : ૨૫૨૪<br>વિક્રમ સંવત : ૨૦૫૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | એ મેરે વતન કે લોગો | અમુલખ ડી. શાહ | ૪૯ |
| (૨) | સમાજોદ્ધારકનો મૂળમંત્ર | કુમારપાળ દેસાઇ | ૫૦ |
| (૩) | જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો | — | ૫૨ |
| (૪) | સાભાર સ્વીકાર | | પેજ ૫૫ તથા ટાઇટલ પેજ ૩ |
| (૫) | પ્રભુ આટલું મને આપજે, ના રહે મુજને કોઈ બંધન, માયાતણું છેલ્લી ઘડી. | મહેન્દ્ર પુનાતર | ૫૬ |
| (૬) | મોહનભાઈના મનમોહક-અનુભવો | શ્રી મોહનલાલ ધનજી કુરિયા | ૫૯ |
| (૭) | માનવતા સૌથી મોટો ધર્મ | નગીનભાઈ શાહ | ૬૩ |
| (૮) | સાધર્મિક ભાઇ-બહેનોએ વાંચી-વિચારી અમલમાં મૂકવા જેવો અમૂલ્ય અનુરોધ | કનુભાઇ એચ, શાહ | ૬૪ |


આ સભાના નવા પેટ્રનશ્રી

## શ્રી જયંતકુમાર શાંતિલાલ શાહ-મુંબઇ

આ સભાના નવા આજીવન સભ્યશ્રી

## શ્રી ધીરજલાલ પ્રભુદાસ બેલાણી–ભાવનગર
## શ્રી બળવંતરાય નગીનદાસ પટવા–ભાવનગર
## શ્રી સંજયકુમાર રમણીકલાલ શાહ-ભાવનગર
## શ્રી હેમંતકુમાર જયંતિલાલ શાહ–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

## તર્જ :– એ મેરે વતન કે લોગો

હે સિધ્ધારથના નંદન, છો સર્વ જગતમાં પ્યારા
તે કરૂણાના કરનારા, મહાવીર છે વંદન અમારા...

ત્રિશલા માતાના જાયા, છો ગુણોના ભંડારા
હે કરૂણાના કરનારા, મહાવીર છે વંદન અમારા...

વિરોધી સંકટ લાવે, પણ દ્વેષ ન દિલમાં ધરતા
શરણે આવેલા સૌનું, ભવોભવનું દુઃખ મીટવતા
સમતા ભાવે સહેનારા, અમીભરી દૃષ્ટિ કરનારા
હે કરૂણાના કરનારા, મહાવીર છે વંદન અમારા...

ગર્વ જ્ઞાનનો ધરીને મનમાં, વાદ કરવા ગૌતમ આવે
તારી જાદુ ભરી વાણીથી, તુમ શરણે શીષ નમાવે
મૈત્રી ભાવના ધરનારા, છો પ્રેમ થકી જીતનારા
હે કરૂણાના કરનારા, મહાવીર છે વંદન અમારા...

અહિંસાનું જળ છાંટીને, હિંસાની આગ બુઝાવી
તે જગમાં સ્થાપી શાન્તી, ઉંચ નીચના ભેદ મીટાવી
સત્યનું સંગીત ગાનારા, મંગલ સૌનું કરનારા
હે કરૂણાના કરનારા, મહાવીર છે વંદન અમારા...

પ્રભુ આશ છે એક અમારી, ભવ સાગરથી લ્યો ઉગારી
વૃદ્ધિચંદ્રજી મંડળ ગાવે, તમે સદાય છો ઉપકારી
દિલ દિલાવર ધરનારા, મોક્ષ નગરે લઈ જનારા
હે કરૂણાના કરનારા, મહાવીર છે વંદન અમારા...

રચયિતા : અમુલખ ડી. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુગદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા. ના વિચારોએ ચીલાચાલુ સમાજને એક નવું દર્શન આપ્યું હતું. અહીં એક વિકટ સમસ્યા પર એમણે વેધક પ્રકાશ પાડયો છે. આ લેખ યુગદર્શી આચાર્યશ્રીની વ્યાપક દૃષ્ટિ અને સમસ્યાના વાસ્તવિક ઉકેલ માટેનું દર્શન પૂરું પાડે છે. હિંદીમાં અપાયેલા એમના આ વક્તવ્યોની જાણીતા લેખક ડો. **કુમારપાળ દેસાઇએ** અનુવાદ કર્યો છે. આ વિચારોનું તલસ્પર્શી અવગાહન કરવા વાચકોને વિનંતી છે.

હપ્તો-૧

# સમાજોદ્ધારકનો મૂળમંત્ર

સમાજનાં ઉદ્ધાર વિશે મારા વિચારો દર્શાવું છું.

કોઇ એમ કહી શકે કે સાધુઓએ તો આત્મોદ્ધારની જ વાતો કરવી જોઈએ, એમને સમાજોદ્ધારની સાથે શું નિસ્બત? સમાજ તો સંસાર છે, અને એવી સાંસારિક બાબતોમાં પડીને સાધુ પોતાના કલ્યાણનું કાર્ય ભૂલી જશે. અમુક મર્યાદા સુધી આ વાત ઉચિત છે કે સાધુએ પોતાના આત્માનું કલ્યાણ ભૂલવું જોઇએ નહીં. આત્મોદ્ધારનો સંબંધ માત્ર પોતાના જ આત્મા સાથે હોય તો બરાબર, પરંતુ જૈનધર્મની દૃષ્ટિએ સમગ્ર વિશ્વ (છ કાયાના પ્રાણીઓની) સાથે આત્મોદ્ધારનો સંબંધ દર્શાવ્યો છે. ભગવાન મહાવીરની અનુભવ વાણી કહે છે –

धम्मस्स णं चरमाणस्स पंच निस्सा
ठाणा पणत्ता,
तंजहा – छ काया, गणे, राया,
गहावई सरीरं ।

"જે ધર્માચરણ કરીને આત્મશ્રેય સાધવા માગે છે, તેના માટે પાંચ સ્થાનોનો આશ્રય (સહયોગ) અનિવાર્ય છે. (૧) ષટ્કાય (વિશ્વના પ્રાણીમાત્ર) (૨) ગણ (જે સંઘ કે સમાજમાં રહેતો હોય તે) (૩) રાજા (શાસનકર્તા) (૪) ગૃહસ્થ સમાજ અને (૫) શરીર .

આનો અર્થ એ કે સાધુજીવનનો નિર્વાહ ગૃહસ્થ સમાજના અસ્તિત્વ પર આધારિત છે અને સમાજમાં જેટલી વધારે તેજસ્વિતા અને ધાર્મિકતા હશે, તેટલું જ સાધુ જીવન ઉજ્જવળ હશે, કારણ કે સાધુ થનારી વ્યકિત સમાજમાંથી જ આવતી હોય છે. આ કારણે જ સાધુવર્ગ એકાંતમાં વ્યકિતગત સાધનાને જ પોતાની સાધનાની ઇતિશ્રી સમજતા નથી, બલ્કે ઉપદેશ, પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા સમાજશ્રેય તરફ પણ લક્ષ રાખે છે. છેક શાસક વર્ગને સન્માર્ગે વાળવા અને નીતિ-ધર્મ પર દૃઢ રાખવા માટે વખતો વખત પ્રેરણા આપે છે અને એમ કરીને સમગ્ર રાષ્ટ્ર કે સમાજનું એક અંગ રાજ્ય બગડી જાય નહીં, તેનો ખ્યાલ રાખે છે. વિશ્વના પ્રાણીમાત્ર પ્રત્યે સાધુવર્ગની કરુણા અને રક્ષાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થર્મોમિટર એ છે કે તે સમસ્ત પ્રાણીઓ પ્રત્યે સ્વયં રક્ષાની – સક્રિય આચરણની ભાવના રાખીને માનવસમાજને પણ આ તરફ પ્રયત્નશીલ રાખે છે. "પ્રશ્નવ્યાકરણસૂત્ર" માં કહ્યું છે–

सव्वजगजीवरक्खण दयदठयाए पावयणं भगवया सुकहियं ।

જગતના સમસ્ત જીવોની રક્ષારૂપી દયાથી પ્રેરાઈને જ ભગવાને પ્રવચન કર્યાં છે.

કેવો સુંદર દૃષ્ટિકોણ છે સંસાર પ્રત્યે કરુણા કરવાનો ! સાધુવર્ગની આત્મસાધના સુંદર, યોગ્ય રીતે અને નિર્વિઘ્ને થાય તે માટે પણ સંસારને સારો બનાવવો જરૂરી છે. જો સંસાર મલિન હશે અને એમાં બદમાશ, ચોર, ડાકૂ, વ્યભિચારી જેવા દુષ્ટ માનવીઓ વધી જશે, તો સાધુવર્ગની સ્વસાધનામાં પણ વિક્ષેપ પડશે. ધારો કે એક સાધુ ઉપાશ્રયમાં પોતાની સાધનામાં લીન છે અને એકાએક પડોશમાં આગ લાગે કે તોફાન જાગે અથવા તો કોલાહલ મચી જાય, તો શું તે સાધુ નિર્વિઘ્ને શાંતિથી પોતાની સાધના કરી શકશે ખરા ? નહીં કરી શકે. આથી જ સાધુવર્ગે પોતાની સાધના નિર્વિઘ્ને કરવા માટે, સારા સાધુઓની વૃદ્ધિ માટે, સંસારના જીવો પ્રત્યે કરુણાની ભાવના સક્રિય બનાવવા માટે અને પોતાના ઉપકારીઓ અને સહાયકોના ઉપકારનો બદલો વાળવા માટે આત્મોદ્ધારની સાથોસાથ સમાજોદ્ધાર માટે પ્રયત્ન કરવો અત્યંત જરૂરી છે.

સમાજના ઉદ્ધાર તરફ ધ્યાન આપવા જતાં તે આત્મસાધનાની વાત ભૂલી જશે એમ માનવું તે એક ભ્રમણા છે બલ્કે એમ કહેવું જોઈએ કે સમાજોદ્ધાર તરફ ધ્યાન આપવાથી સાધુની આત્મિક સાધના અધિક ઉજ્જવળ બનશે. તેનામાં જાગૃતિ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, સ્વાર્થ, કામ, મોહ, આદિ વિકાર કેટલાં ઓછા થયા છે અથવા તો ઓછા કરવા માટે સક્રિય છે કે નહીં તેની જાગૃત્તિ આવશે. આ પ્રકારે તેની આત્મિક સાધનાની પરીક્ષા પણ થતી રહેશે.

## સાધુ રૂપી રાજહંસ :

આનો અર્થ એ છે કે સામાજિક ઉદ્ધાર થવાથી તેની આત્મસાધના વધુ તેજસ્વી થશે. એમાં નુકશાન નહીં, પણ ફાયદો જ છે, કારણ કે સાધુના ઘણાં સમાજહિતનાં કાર્ય તેની આત્મ-સાધનાનાં અંગરૂપ હોય છે. સાધુવર્ગ પ્રવચન, ઉપદેશ કે ધર્મપ્રેરણા આપે છે તે બધુ સમાજના આત્માઓને સન્માર્ગે વાળવા અને ધર્મના માર્ગે ચાલવા માટે હોય છે. સંસારનું કલ્યાણ કરનારી કે સંસારના જીવોને શાંતિ આપનારી બાબતોનું આચરણ કરવા – કરાવવાનો અને તેનો ઉપદેશ કે પ્રચાર કરવાનો પુરુષાર્થ સાધુવર્ગે કરવો જોઈએ.

બીજી વાત એ છે કે સાધુવર્ગ ગૃહસ્થ સમાજ પાસેથી જીવનનિર્વાહ માટે આહાર, પાણી, મકાન અન્ય આવશ્યક સાધનો, પ્રતિષ્ઠા વગેરે પ્રાપ્ત કરે છે, તેને બદલામાં કશું ય ન આપીને માત્ર પોતાની જ સાધનામાં રત રહે, તો તે સ્વાર્થી અને કૃતઘ્ની કહેવાશે. હા, આ બધું પોતાની સાધુતાની મર્યાદામાં રહીને જ આપી શકશે. આમ કરવાથી સાધુનો સંયમ પણ જળવાશે અને ધર્મસાધનામાં સહાયકોના પ્રતિ કૃતજ્ઞતા પણ પ્રગટ થઇ જશે.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
## પ. પૂ. આગમપ્રજ્ઞ–તારક ગુરુદેવશ્રી
# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

[હપ્તો ૭ મો] [ગુરુવાણી ભાગ-૧ માંથી સાભાર]

અષાડ વદ ૧૪

મનુષ્યજન્મ દ્વારા દુનિયાની કિંમતીમાં કિંમતી ચીજો મળી રહે છે માટે જ મહાપુરૂષોએ તેની દુર્લભતા કહેલી છે. માનવજન્મનું મહત્ત્વ એ નથી કે સારૂં ખાવાનું મળ્યું, સારૂં પહેરવાનું મળ્યું. ધર્મરૂપી રત્ન મેળવવું અતિ દુર્લભ છે.

અષ્ટાપદ પર્વત પરથી જ્યારે ગૌતમસ્વામી પધાર્યા ત્યારે ભગવાને ગૌતમસ્વામીને કહ્યું કે હે ગૌતમ ! આ મનુષ્યભવ માનવને મળવો અતિમાં અતિ દુર્લભ છે. આ સંસાર એકલા એક્સીડન્ટોનો ભરેલો છે. ક્યારે કોનો એક્સીડન્ટ થશે તે કહેવાતું નથી ! માટે હે ગૌતમ ! સમયનો પ્રમાદ ન કરીશ ! આ દોડધામોને અંતે છેવટે હાથમાં જે આવે છે તે અનંતુ દુઃખ આપનારૂં બને છે.

અકબર બાદશાહ અને બિરબલ બન્ને બેઠા છે... ત્યાં એક મોટું ટોળું નીકળે છે. અને બૂમો મારે છે કે અન્નદાતા ! ભૂખે મરી રહ્યા છીએ. કંઈક આપો. કંઈક આપો. આ બૂમો સાંભળીને અકબર બિરબલને કહે છે કે આ કોણ બૂમો પાડી રહ્યા છે ? મને કંટાળો આવે છે. શું કામ ભૂખે મરે છે ? આખા ખાજા ન મળે તો ખાજાનો ભૂકો ખાઈ લે ? આવી બૂમો શા માટે મારે છે ? ત્યારે બિરબલ કહે છે કે નામદાર ! એમણે દુનિયામાં ખાજાનું નામે ય સાંભળ્યું નથી. જ્યાં સૂકા રોટલાનો ટૂકડો મળવો મુશ્કેલ છે. ત્યાં ખાજાની કયાં વાત...? માણસ પોતે સુખી હોય છે. એ સુખની કલ્પનામાં એને કોઇ દિવસ કોઇ ગરીબનો વિચાર પણ આવતો નથી. આપણને આ મનુષ્યભવ મળ્યો છે. તેથી આપણને કોઇ જીવની યાતનાનો ખ્યાલ જ આવતો નથી. જેમ અકબરને ખાજાં સામાન્ય લાગે છે તેમ આપણને આ ઉત્તમકુળ, આર્યદેશ, જૈનધર્મ બધું સામાન્ય લાગે છે. પેલા ગરીબોનાં ટોળાને એ ખાજાં મળવા કેટલાં દુર્લભ છે ? તેમ આપણને અહીંથી આંખ મીંચાયા પછી લાખ પ્રયત્નો કરવા છતાં પણ આ ભવ ફરીથી મળવાનો નથી.

એક જણાએ કહેલું કે જગતમાં બે જાતના માણસો છે. કેટલાક માણસો એવા છે કે ચોરી કરે છે અને જેલમાં જાય છે. અને બીજા કેટલાક માણસો એવા છે કે જેલમાં જાય છે અને ચોરી કરે છે. આવું આ રાજકીય સંસ્થામાં ચાલે છે. જેલમાં ગયેલા નેતાઓ કહે છે કે અમે પહેલાં જેલમાં ગયા હતા. રાજ કરવાનો હક અમારો છે. રાજ્ય પર આવે એટલે કે કરો ચોરી. આવા બધાનું ભાષણ સાંભળવાનું લોકોને મન થાય છે. જે વિનાશના પંથે લઇ જવાનું છે. જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસને આજે ધર્મની કલ્યાણકારી દેશના સાંભળવાનું મન થતું નથી. સંભળાવનાર તમારી સામે આવે છે. તમે અમલમાં મૂકો કે નહીં તો પણ સંભળાવે છે. ભગવાનની કેટલી અપાર કરૂણા છે. જેણે ચતુર્વિધ સંઘ સ્થાપ્યો. આ સંઘમાં દાખલ થવા માટે કોઇ ફી નથી કોઈ ચાર્જ નથી. ભૂખ વેઠીને, તરસ વેઠીને પગે ચાલીને આ સાધુ-સાધ્વીનો સંઘ ગામેગામ ઘૂમે છે. અને પરમાત્માનો સંદેશો પહોંચાડે છે. પરંતુ સંદેશો ઝીલનાર અત્યારે બહુ ઓછા છે. દેવોને અથવા તો ઇન્દ્રોને આવી વીરવાણી સાંભળવી હોય તો તેમણે લાખો યોજનનું અંતર કાપવું પડે ત્યારે સાભળવા મળે. જ્યારે આપણને સામે ચાલીને મળ્યું છે. સાંભળવાની રૂચિ ઉત્પન્ન થવી એ પણ અતિ દુર્લભ છે. આજે આ ભારતમાંથી જૈનધર્મના લોકોને અમેરિકા બોલાવે છે. એમને નથી મળ્યું એટલે જાણવાની તાલાવેલી છે. અમેરિકામાં એક હજાર ડોલર આપો ત્યારે સંવત્સરી પ્રતિક્રમણ થાય. અમેરિકાથી લોકો પ્રતિક્રમણવિધિ સમજવા માટે છેક અહીં આવે. વિચાર કરો – જેને નથી મળ્યું તેને કેટલું મહત્ત્વ છે ?

અઢી હજાર વર્ષની વાત છે. એક જણને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં જુએ છે કે લોકો પાણી માટે તરસથી તરફડે છે. પાછળ કૂવો દોડે છે. કૂવો બૂમો પાડે છે. પાણી પીઓ, પાણી પીઓ, પણ લોકો પાછળ જોવાને બદલે આગળ જ બૂમો પાડતા દોડતા જાય છે. સ્વપ્ન પૂરૂં થયું. તે કોઇ મહાત્મા પાસે જઇને સ્વપ્નનું રહસ્ય પૂછે છે. મહાત્મા કહે છે કે ભાઇ ભવિષ્યનો આવો પડતો કાળ આવવાનો છે. સાધુ-સાધ્વી-સંત-મહાત્માઓ બૂમો પાડતા પાછળ-પાછળ ઘૂમશે પરંતુ લોકો આગળ જ દોડશે. ગુરૂ ભગવંતો પોતાની વાણીરૂપી પાણી પાવા માટે પાછળ દોડશે. પરંતુ લોકો તે પાણીને પીએ નહીં શકે. ઘરેણાં જેવા મોટા આભૂષણો કોણ પહેરી શકે ? જે શેઠીયા હોય એજ ને ? ગરીબ માણસ કાંઇ પહેરી શકે ? તેમ જેની પાસે સદ્‌ગુણોરૂપી ઘરેણાં હશે ત્યાં જ ધર્મ આવશે, સદ્‌ગુણોની સાથેનો ધર્મ દીપી ઉઠશે.

આપણું આ જીવન પરમાત્માના દર્શનને માટે છે. જ્યારે આજે બધે પ્રદર્શન થઇ રહ્યું છે. વૈભવનું હો કે કપડાનું, ઘરેણાનું હો કે રૂપનું. બસ જ્યાં જોઇએ ત્યાં પ્રદર્શન, પ્રકર્શન. જગતના દરેક જીવો સ્વાર્થથી જ ભરેલા છે. જ્યારે પરમાત્મા એક જ એવા છે કે જે પરમાર્થથી ભરેલા છે.

સૂરદાસ અંધ હતા. કોઇ એમ કહે છે કે એ અંધ જ હતા. જ્યારે કેટલાક કહે છે કે એમણે કહેલું કે આ જગતના ચહેરા જોઇને શું કરવાનું ? બસ જગતના ચહેરા જોવા ન પડે માટે તેઓ આંખે પાટા રાખતા. કેવળ પરમાત્માનું જ મુખ જોવા લાયક છે. દેવલોકમાં અસંખ્યાતા દેવો ઉત્પન્ન થાય છે. જ્યારે મનુષ્યલોકમાં સંખ્યાતા જ મનુષ્યો છે. તો દેવલોકમાં આટલા બધા દેવો ક્યાંથી ઉત્પન્ન થાય ?

સમુદ્રમાં પ્રતિમાના આકારના વેલાઓ હોય છે. માછલા આ વેલાને જૂએ છે. અને એમને એમ થાય છે કે આવી આકૃતિ કયાંક જોઈ છે. છેવટે એમને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. અને પોતે વિચારે છે કે અમે કુકર્મ કરીને આ યોનિમાં ભટકાઇ પડયા છીએ. પછી તેના આઘાતથી અણુસણ કરે છે. અને કાળ કરીને તેઓ દેવલોકમાં દેવો તરીકે ઉત્પન્ન થાય છે. આ રીતે મનુષ્યો સંખ્યાતા જ હોવા છતાં દેવો અસંખ્યાતા ઉત્પન્ન થાય છે

બ્રહ્માની ઉત્તરમાં બેંગકોંગ નામનું શહેર આવેલું છે ત્યાં બુદ્ધની પ્રતિમાં છે. તે મૂર્તિ ૫ ટન સોનાની બનાવેલી છે. ૫૬ મણનો એક ટન. સાચી ઉપાસનાથી મૂર્તિદ્વારા પણ ઘણા લોકો તરી જાય. મૂર્તિમાં સાક્ષાત પરમાત્માનાં માણસ દર્શન કરી શકે છે. જ્યારે તેનો આત્મોલ્લાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચ કોટીનો બને ત્યારે.

## અષાડ વદ ૧૫ (અમાવસ્યા)

બધા માણસો સુખમાં ભાગીદાર થવા આવશે. જ્યારે એ જ માણસો દુઃખમાં આવે ત્યારે ? અરે ! સગો ભાઇ પણ દુઃખ આવતાં દૂર થઇ જાય છે. આવું સંસારનું સ્વરૂપ નજરે જોવા છતાં પણ મનુષ્ય એમાં જ રચ્યો-પચ્યો રહે છે. કારણ સાંભળ્યા પછી ચિંતન નથી કરતો. જ્યારે માણસને આ સંસાર પર અજંપો પેદા થશે ત્યારે જ આ સંસારની ઘટમાળ પૂરી થશે.

હેમચંદ્રાચાર્ય કહે છે.... તું બીજાની હાલત જોઇને દુઃખી થાય છે અહા ! બિચારા કેવા પીડાય છે? એ પ્રમાણે બોલે છે પરંતુ તેને એમ કેમ ખ્યાલ નથી આવતો કે એવી બિચારા જેવી દશા તારી પણ થવાની છે. જે માણસ ગુણમાં દરિદ્ર હોય છે. અર્થાત્ ગુણી હોતો નથી, તે ધર્મ કરવાને લાયક નથી. તે ધર્મ કરે તો પણ વિશિષ્ટ કોટીનો ધર્મ તેના હાથમાં ન આવે. ગુણો સાથે જ ધર્મ વણાયેલો છે. આજે પૈસાદાર માણસો એમ માને છે કે આપણે ધર્મ કરવાની શી જરૂર છે ? જે ગરીબ-બિચારા-બેકાર હોય તેમના માટે ધર્મ છે. બરાબરને ? હવે સામાન્ય ધનવાન માણસને જ્યારે ધર્મ સાંભળવાની ઇચ્છા થતી નથી તો દેવલોકમાં દેવસુખ ભોગવતા દેવોને ક્યાંથી થાય ? અને કદાચ કોઇ પૂર્વનો આરાધક દેવ હોય અને સાંભળવાની ઇચ્છા થાય તો પણ તેમે કેટલું અંતર કાપીને અહીં આવવું પડે. માટે જ મહાપુરૂષો કહે છે જે ધર્મની સામગ્રી મનુષ્ય ભવમાં મળી છે. તે સામગ્રી કોઈ ભવમાં કે કોઈ લોકમાં નહીં મળે.

પશુ જીવનમાં તો ધર્મની કોઈ શક્યતા જ નથી. માનવજીવનમાં પણ બે-ચાર ટકા માણસોને ધર્મ સાંભળવાની રૂચિ હોય છે. ૨૧ ગુણોથી યુક્ત હોય તે માણસ ધર્મ કરવાને લાયક છે.

૧. અક્ષુદ્ર-ક્ષુદ્ર ન હોય અર્થાત્ છીછરો ન હોય.

૨. રૂપવાન્-પાંચ ઇન્દ્રિયોથી પરિપૂર્ણ હોય.

૩. પ્રકૃતિ સૌમ્ય-સ્વભાવે શાંત, નમ્ર હોય.

૪. લોકપ્રિય-લોકોમાં પ્રિય હોય, ધર્મી માણસ મોટા ભાગે લોકોમાં પ્રિય જ હોય છે.

૫. અક્રુર-નિષ્ઠુર ન હોય, દયાળુ હોય.

૬. પાપભીરૂ-પાપથી ડરનારો હોય.

૭. કૃતઘ્ન-લુચ્ચો ન હોય, ઉપકાર પર અપકાર કરનાર ન હોય

૮. દાક્ષિણ્ય-શરમાળ હોય. બે આંખની શરમથી પણ માણસ સુધરી શકે.

૯. લજ્જાળુ-હું આમ કરીશ તો મારૂં ખરાબ દેખાશે. શાસ્ત્રકારો લજ્જાને તો ગુણોની માતા કહે છે, લજ્જાવળો હોય.

૧૦. દયાળુ-દયા એ ધર્મની માતા છે. દયાળુ હોય.

૧૧. મધ્યસ્થ-પક્ષપાતી ન હોય. દષ્ટિમાં સૌમ્યતા હોય.

૧૨. ગુણાનુરાગી-સૌ કોઇ બીજામાં દોષને જ જોતા હોય છે. ગુણને ગ્રહણ કરનારા વિરલા જ હોય છે. ગુણોનો અનુરાગી હોય.

૧૩. સત્કથા-સારી બેઠકવાળો, સત્સંગવાળો, તેની પાસે જ્યારે જોઈએ ત્યારે સારી વાતો ચાલતી હોય.

૧૪. સુપક્ષથી યુક્ત હોય-અર્થાત્ એની આજુ બાજુ રહેનારા એટલે કે મિત્રો વગેરે સુસંસ્કારી હોય. "સોબત તેવી અસર."

૧૫. વિશેષજ્ઞ-વિશેષ રીતે ધર્મને જાણનારો હોય.

૧૬. સુદીર્ઘદર્શી-હંમેશા વિચારીને પગલું ભરનારો હોય.

૧૭. વૃદ્ધાનુગ-વૃધ્ધોને અનુસરનારો, વડીલોની આજ્ઞાને માથે ચડાવનાર હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જણે સરખામણી કરેલી વન અને યૌવનની. વન કેવુ ભયંકર લાગે છે. આ વન કરતાં પણ યૌવન વધારે ભયંકર છે. કારણ વનમાં રખડતાં રખડતાં ક્યાંક કેડી હાથમાં લાગશે. જ્યારે યૌવનમાં ભૂલો પડેલો માણસ આ જન્મ અને જન્મોજન્મ બગાડશે.

૧૮. વિનીત-વિનયી હોવો જોઈએ તસ્માત્ સર્વેષાં ગુણોનાં ભાજનં વિનયઃ ગુણોરૂપી જે રત્નો છે, તે રત્નોને રાખવા માટેનું પાત્ર કયું ? વિનય એ રત્નોને રાખવાનું પાત્ર છે. વિનયવાળો હોય.

૧૯. કૃતજ્ઞ-બીજાએ કરેલા ઉપકારને સમજનારો હોય.

૨૦. પરહિતચિંતક-બીજાનું હિત કરવાના સ્વભાવ-વાળો હોય.

૨૧. લબ્ધલક્ષ-લક્ષ બાંધીને ચાલનારો હોય. જે માણસ કોઈપણ વાતનું લક્ષ બાંધે તો તે મંજિલે પહોંચી શકે. (ક્રમશઃ)

## : સાભાર સ્વીકાર :

* જ્ઞાનચંદજી જૈન-સોનગઢ તરફથી "સ્વાનુભૂતિ દર્શન (બહેનશ્રીની તત્વચર્ચા)
* રત્નત્રયી ટ્રસ્ટ (નરસીદાસ બ્રધર્સ ભાવનગર) તરફથી પૂ. આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ. સા. લિખીત નીચે મુજબના ૩૫ પુસ્તક સભાને ભેટ મળેલ છે.

  (૧) સરવાળો નહિ પણ ગુણાકાર, બાદબાકી નહિ પણ ભાગાકાર નકલ-૩ (૨) પરીક્ષાની જિંદગી, જિંદગીની પરીક્ષા નકલ-૧, (૩) મુનિ તારી વૃત્તિ ન્યારી નકલ-૧, (૪) તર્કથી શ્રદ્ધા તરફ-૨, (૫) મુનિ તારી રુચિ ન્યારી નકલ-૩, (૬) આજે ખબર પડી કે નકલ-૨, (૭) પગલે પગલે પ્રકાશ નકલ-૪, (૮) પ્રવચન ગંગા નકલ-૪, (૯) મોતનો પડકાર મોતને પડકાર નકલ-૪, (૧૦) મુનિ! તારી શક્તિ ન્યારી નકલ-૪, (૧૧) ઓપરેશન નકલ ૪, (૧૨) યાત્રા, બિંદુથી સિંધુ તરફ.
* પૂ. આ.શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. સા. (હ. હિંમતભાઇ મોતીવાળા) તરફથી "શાસન રત્ન સૂરીશ્વરજી"
* ગણિવર્યશ્રી મહોદયસાગરજી સંપાદિત "બહુરત્ના વસુંધરા" હ. પૂ.આ. શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. સા.
* પૂ. મુનિશ્રી ધર્મતિલકવિજયજી-જામનગર તરફથી "શ્રી ભક્તામર સ્તોત્ર તથા કલ્યાણ મંદિર સ્તોત્ર સટીક"
* ભદ્રંકર પ્રકાશન-અમદાવાદ તરફથી નીચે મુજબના પાંચ પુસ્તક ૧. પ્રેરક પત્ર પરિમલ ૨. કલ્યાણકારી પત્રમાલા ૩. પ્રેરણા પત્રોનો સોનેરી પ્રકાશ ૪. શાંતિદાયક પત્રવેલી ૫. તાત્વિક પત્રવેલી.
* શ્રી આત્માનંદ જૈન પંજાબી યાત્રીક ભવન-પાલીતાણા તરફથી "યશસ્વી પ્રિયદર્શી સિતારે" નકલ-૨ લેખિકા : સાધ્વીશ્રી હર્ષપ્રીયાશ્રીજી મ. સા.
* આ.શ્રી યશોવિજયસૂરિજી મ. સા. સુરત તરફથી "તૃતીય કર્મગ્રંથ બંધ સ્વામિત્વ" લેખક : સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ. સા.
* રત્નત્રયી ટ્રસ્ટ-મુંબઇ તરફથી "યાત્રા, બિંદુમાંથી સિંધુ તરફ" લેખક : આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "પ્રભુ આટલું મને આપજે, ના રહે મુજને કોઈ બંધન માયાતણું છેલ્લી ઘડી'

મહેન્દ્ર પુનાતર

**આ** જગતમાં કોઈ પણ વ્યક્તિ પોતાને જોઇએ તે બધું જ પ્રાપ્ત કરી શકતી નથી. દરેક માણસને પોતાને જે નથી મળ્યું તેનો અફસોસ હોય છે. જીવનમાં જે મળ્યું છે તેની કિંમત રહેતી નથી. માણસની પાસે જે કાંઈ છે તેનો સંતોષથી વિવેકપૂર્વક ઉપયોગ કરે અને જરૂરિયાતો ઓછી રાખે તો જિંદગી સામે ઝાઝી ફરિયાદ ન રહે. જીવનમાં પહેલું સુખ તે જાતે નર્યા. શરીર તંદુરસ્ત હોય, ઘરકુટુંબ અને જરૂર પૂરતું ધન હોય આ પછી કોઇને દુઃખી થવાનું કોઇ કારણ નથી. બીજાની સાથે સરખામણી કરતા રહીએ તો દુઃખી થવાનો જ વારો આવે. જે મળ્યું છે તેમાં સંતોષ અનુભવીએ તો જીવન સુખમય લાગે

જીવન એ પ્રભુની સૌથી મોટી કૃપા છે. તેનો સદ્ઉપયોગ થવો જોઇએ. સારું ભલાઇનું પરોપકારનું કામ કરીએ, પોતાના થકી કોઇને દુઃખ ન આપીએ, પ્રેમપૂર્ણ વહેવાર રાખીએ અને પ્રભુભક્તિમાં લીન રહીએ તો જીવન અર્થપૂર્ણ બને અને મુક્તિનો માર્ગ સરળ બને. સંત સૂરદાસજીએ ગાયું છે 'અવસર બાર બાર નહીં આવે, જાના તો કછુ કરના ભલાઇ જનમ મરણ છૂટ જાવે!' મનુષ્ય દેહ મળ્યો છે. પ્રભુભક્તિ કરવા માટેનો મોકો મળ્યો છે તો આ ભવ એળે ન જાય એ માટેનું ભાથું બાંધી લેવાનો આ સુંદર અવસર છે. મુક્તિ એટલે સુખ અને દુઃખમાંથી પર થવું. સુખ અને દુઃખ દ્વૈત છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ ઘટમાળ છે. મનુષ્યે એ બંનેથી પર થઈને આનંદના સાગરમાં ડૂબકી મારવાની છે. 'સંસાર ઓસકા પાની, પલકનમેં ઉડ જાવે.' સંસાર ઝાકળના પાણી જેવો છે. ઝાકળનું પાણી દેખાય પરંતુ ઊડી જતાં વાર લાગતી નથી. સમયનો સદ્ઉપયોગ થવો જોઇએ. સમય કોઇના માટે અટકતો નથી. ભગવાન મહાવીરે અંતિમ ધર્મોપદેશમાં ગૌતમને સંબોધીને કહ્યું હતું કે 'હે ગૌતમ, તું સમય માત્રનો પણ પ્રમાદ ન કરીશ. જેવી રીતે કમલ શરદઋતુના નિર્મલ જલથી પણ અલિપ્ત રહે છે. તેમ તું પણ તારી મમતા–આસક્તિનો ત્યાગ કર અને સંપૂર્ણ સ્નેહબંધનોથી મુકત બન'. કમલ કાદવમાં ઊગે છે છતાં કાદવથી અલિપ્ત રહે છે તેમ મનુષ્યે સંસારમાં રહેવા છતાં સંસારથી અલિપ્ત બનવાનું છે. હું કેવળ શરીર નહીં પરંતુ આત્મા છું એવું ભાન થાય ત્યારે મોહ અને આસક્તિ અંદર પ્રવેશ કરી શકતા નથી સંસાર ભલે બહાર રહે પરંતુ અંતરમાં અના-

**જ્ઞાનની પ્રથમ જ્યોત અંતરમાં જાગવી જોઇએ, ત્યાં અંધારું હશે તો બહાર પ્રકાશ નહીં મળે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકિત પ્રગટવી જોઇએ. આત્માનો આનંદ તો પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં છે. અંદરથી દરિદ્ર માણસ બહારથી વસ્તુઓ વડે સમૃદ્ધ થવાનો પ્રયાસ કરતો હોય છે. પરંતુ જે માણસ અંદરથી સમૃદ્ધ હોય તેને બહારના કશા આવરણની જરૂર પડતી નથી. જ્ઞાનની પ્રથમ જ્યોત અંતરમાં જાગવી જોઈએ, ત્યાં અંધારું હશે તો બહારથી ક્યાંયથી રોશની મળશે નહીં. માત્ર આચરણ સારું હોય તેથી કોઇ નૈતિક બની શકે નહીં. આ માટે આંતરશુદ્ધિની આવશ્યકતા છે. અંતરને બદલ્યા વગર આચરણ બદલી શકાય નહીં. આપણે બીજા માટે સારા હોઈએ, શુભ હોઈએ એ પૂરતું નથી. આપણે આપણામાં શુભ છીએ કે કેમ તે વધારે મહત્ત્વનું છે. બહાર આપણો દેખાવ છે. અંદર વાસ્તવિકતા છે.

માણસ આંતરિક રીતે સમૃદ્ધ અને આનંદ-સભર બને તો સાચું સુખ અનુભવી શકે બહાર ગમે તેટલું સુખ હોય પરંતુ અંદર વલોપાત હોય, અશાંતિ હોય તો એ સુખ શા કામનું ? ઉત્તરાધ્યયનમાં જેમ કહ્યું છે તેમ દુઃખનું મૂળ – ઉત્પત્તિ-સ્થાન મોહ છે, આસક્તિ છે. આસક્તિનું મૂળ તૃષ્ણા છે, તૃષ્ણાનું મૂળ લોભ છે. લોભનું મુળ પરિગ્રહ છે. જે અકિંચન, ત્યાગી છે તે જ સાચો સુખી છે.

મોટાભાગના માણસો પ્રભુભકિત મુકિત માટે નહીં પરંતુ કશુંક મેળવવાની અપેક્ષાથી કરતાં હોય છે. ભકિતમાં પણ પ્રભુ સાથે સોદો થતો હોય છે. 'હું અમુક કાર્ય કરવા જાઉં છું તે સફળ થશે તો પ્રભુ હું તને શ્રીફળ વધેરીશ, માનતા માનીશ. ધર્માદો કરીશ.' અને ધારો કે પ્રભુકૃપાથી બધું સફળ થઇ ગયું તો તેમાંથી છટકબારી શોધી કાઢવાનો પ્રયાસ થતો હોય છે. પ્રભુ ગમે તેટલું આપે તો પણ છોડવાનું મુશ્કેલ બને છે. નસરુદ્દીનની એક જાણીતી વ્યંગ કથા છે. 'નસરુદ્દીને ભગવાનને પ્રાર્થના કરી. હે ભગવાન મને સોનાની ગીની મળશે તો હું તેમાંથી તને ૨૫ ટકા આપીશ. ભગવાને પ્રાર્થના સાંભળી અને તેને એક સોનાની ગીની મળી. પરંતુ ગીની ઘસાઇ ગયેલી હતી તેથી ઝવેરીએ તેને ૭૫ ટકા પૈસા આપ્યા. નસરુદ્દીને પૈસા હાથમાં લીધા અને આકાશ તરફ જોઇને કહ્યું 'હે ભગવાન તું પાકો નીકળ્યો. તે તારો ભાગ પહેલેથી જ લઇ લીધો.' તૃષ્ણાને કારણે કશું છૂટતું નથી. ૧૦ રૂપિયા મળે તો ૧૦૦ની આશા કરીએ છીએ અને ૧૦૦ મળે તો હજારની અપેક્ષા થાય છે. લાખો અને કરોડો મળે તો પણ તૃષ્ણાનો અંત આવવાનો નથી.

ગમે તેટલું મેળવશું તો પણ તેનો અંત છે. જીવન પૂરું થયું એટલે બધું પૂરું થઈ ગયું. કશું સાથે આવવાનું નથી. સિકન્દરે આખી દુનિયા જીતી. ખૂબ લૂંટયું પરંતુ આ લૂંટમાંથી કશું તે સાથે લઇ જઇ શકયો નહીં. તેણે કહ્યું કે મને જ્યારે કબરમાં મૂકો ત્યારે મારા બે હાથ બહાર રાખશો. જેથી દુનિયાને સમજાય કે દુનિયા છોડતી વખતે સિકન્દર આમાંનું કશું લઇ જઈ શકયો નથી. માણસ આ દુનિયામાં આવે છે ત્યારે મૂઠી વાળીને આવે છે અને જાય છે ત્યારે ખુલ્લા હાથે જાય છે. માણસ સમયનો સદૂઉપયોગ કરતો નથી. તન, મન અને ધનથી જ્યારે સારો સમય હોય છે ત્યારે ધર્મનું, સત્કર્મોનું ભાથું બાંધતો નથી. ત્યારે જિંદગી વીતી જાય છે અને પસ્તાવાનો વારો આવે છે. આ અંગે એક બોધકથા સમજવા જેવી છે.

એક નટ અને નટી હતા. તેઓ નૃત્ય કરતા હતા અને લોકોનું મનોરંજન કરતા હતા. એક દિવસ તેઓ એક રાજાના દરબારમાં જઇ ચડયા. તેઓએ ત્યાં એક મહિના સુધી કાર્યક્રમ કર્યો. તેના કાર્યક્રમનો છેલ્લો દિવસ હતો. રાજા કાંઇક આપશે એવી આશા હતી પરંતુ રાજા મહાકંજૂસ નીકળ્યો. તેણે કશું આપ્યું નહીં. ઊલટાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓના પૈસા ખર્ચાઇ ગયા. તેથી નટી નિરાશ થઈ ગઇ અને તેના પગ ડગમગવા લાગ્યા, એટલામાં નટે કહ્યું, 'બહુત સમય બીત ગયો, થોડા રહ્યો નટની તાલ ભંગ ન કર.'

'હે નટની આપણે જેટલો સમય રહેવાના હતા તેમાંનો મોટાભાગનો સમય વીતી ગયો છે. હવે માત્ર થોડા સમય માટે સમતુલન શા માટે ગુમાવે છે. હવે કાર્યને બગાડવાનો અર્થ શો ?'

આ શબ્દો સાંભળતાં ત્યાં હાજર રહેલા એક સાધુએ પોતાને મળેલી કીંમતી કામળી તેમની તરફ ફેંકી. રાજકુમાર અને રાજકુમારી પણ આ નૃત્ય જોતાં બેઠાં હતાં. નટના આ શબ્દોએ તેમના હૃદયને પણ વીંધી નાખ્યું. રાજકુમારે પોતાની આંગળીમાંથી સોનાની વીંટી અને રાજકુમારીએ પોતાના ગળાનો હાર આપી દીધો.

ચમડી છૂટે પણ દમડી ન છૂટે એવો કંજૂસ રાજા આ જોઇને આભો બની ગયો. તેમણે કહ્યું 'તમે બધાં શું ગાંડા બની ગયા છો લૂંટાવા બેઠા છો.' રાજાએ સાધુને કહ્યું મેં તને ખૂશથઇને કીંમતી કામળી આપી તે આ નાચવાવાળીને આપી દીધી.

સાધુબાબાએ કહ્યું 'મેં આખી જિંદગી તપશ્ચર્યા કરી. ભગવાનનું નામ લીધું. ૯૦ વર્ષની ઉંમર થઇ. જરૂરત ઓછી કરી નાખી હતી. હું આ રાજદરબારમાં મહિનાથી છું. પરંતુ તમારો આ વૈભવ અને વિલાસ જોઈને મને થયું કે રાજા ભગવાનનું નામ લેતો નથી અને કેટલું સુખ ભોગવે છે, કેટલુ ભેગું કરી રહ્યો છે. તેથી હું વિચારતો હતો કે આ સાધુજીવન છોડીને હું પણ ભોગ ભોગવી લઉં ત્યાં નટના શબ્દો મારા કાનમાં પડયા 'બહુત સમય બીત ગયો, થોડા રહ્યો' અને મારા મનમાં પ્રકાશ પડયો. આટલાં વર્ષો મેં તપશ્ચર્યા કરી છે અને હવે થોડા માટે મારો અવતાર બગાડું અને મારી પાસે રહ્યું સહ્યું કીંમતી વસ્ત્ર પણ મેં આ લોકોને આપી દીધું. નટના શબ્દોએ મને ઉગારી લીધો.

રાજાએ કુંવરીને પૂછયું તે ગળાનો હાર કેમ આપી દીધો ? તેણીએ કહ્યું 'પીતાજી મારી ઉંમર થઇ ગઇ છે છતાં પણ પૈસાના લોભમાં દહેજની લાલચમાં તમે મારા લગ્ન ઠેલે જાવ છો. મને વિચાર આવ્યો કે કોઇ જીવનસાથીને શોધીને હું ભાગી જાઉં. ત્યાં નટના શબ્દો મેં સાંભળ્યા અને મારી શુદ્ધબુદ્ધ ઠેકાણે આવી. મેં વિચાર કર્યો તમે વૃદ્ધ થઇ ગયા છો. હવે કેટલા વર્ષ જીવવાના. થોડા સમય માટે મારે શા માટે કુટુંબની આબરૂ બદનામ કરવી. આમ નટે મને પતનમાંથી બચાવી લીધી અને મેં તેને હાર આપી દીધો.

---

**અંદર વલોપાત હોય, અશાંતિ હોય તો બહારનું સુખ ગમે તેટલું હોય તો પણ શા કામનું?**

---

રાજકુમારને પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું પિતાજી હું વિચારતો હતો તમે વૃદ્ધ થયા છો છતાં હજુ રાજ્યની લગામ છોડતા નથી. રાજગાદી મને સોંપતા નથી. તમારો મોહ જોઇને મને થયું કે મારી યુવાની વીતી જશે છતાં મને કશું મળશે નહી. તેથી મેં તમારું ગળું દાબી દઈને મારી નાખવાનો વિચાર કર્યો હતો. ત્યાં નટના શબ્દોએ મને હલબલાવી નાખ્યો. મને ભાન થયું કે તમે તો વૃદ્ધ થયા છો. જીવી જીવીને કેટલા વર્ષ જીવશો. એ પછી તો બધું મારું જ છે ને ? આટલા વર્ષો ધીરજ રાખી હવે થોડા સમય માટે આ કંલક મારા માથા પર શા માટે લગાડવું? નટે મને પાપમાંથી ઉગારી લીધો એટલે મેં તેને મારી સોનાની વીંટી આપી દીધી.

(અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મોહનભાઈના મનમોહક અનુભવો

["જેના હૈયે નવકાર તેને કરશે શું સંસાર?" પુસ્તકમાંથી–સાભાર]

**શ્રી મોહનલાલ ધનજી કુરિયા**
મુ. પો. લાયજા મોટા, તા. માંડવી–કચ્છ

અનહદ પુણ્યોદયના લીધે જૈન કુટુંબમાં જન્મ થયો. સાથે સૌ ધાર્મિક પ્રવૃત્તિઓનાં સંસ્કાર મળ્યા નવકારથી બધું જ મળે અને રોગ-શોક ભય વગેરે અનિષ્ટ તત્ત્વો દૂર થાય એમ જાણવા મળ્યું. હતું. તેથી બાળપણમાં સંકટના સમયે નવકાર ગણતો ને સંકટ દૂર થતું.

બારેક વર્ષની વયે લાલબાગમાં એક મવાલી છોકરો દબડાવવામાં ન ફાવ્યો તેથી હંટર કાઢી મારવા આવ્યો. ત્યારે હંટર ઝૂટવીને મેં તેને સામે ફટકાર્યો. તે રડતો જઈને પોતાના સરદારને તેડી આવ્યો. હું તો ઘરે જઈને પલંગ નીચે સંતાઈ ગયો ને નવકાર ગણવા લાગ્યો. દાદીમાએ તેમને મનાવી લીધા. આમ મહા-સંકટમાંથી બચી જવાથી નવકાર ઉપરની મારી શ્રદ્ધા મજબૂત થઈ.

મને ગુસ્સો બહુ જ આવતો, જે મને પસંદ નહોતું. સુધરવા માટે હું દરરોજ પ્રતિક્રમણ, ચૈત્યવંદન, સામાયિક, તપશ્ચર્યા, વ્યાખ્યાનશ્રવણ, ધાર્મિક વાચન કરતો છતાં ગુસ્સો ઘટયો નહિ. લગ્ન પછી એકવાર પિતાજીને પણ લપડાક મારી હતી તથા દોઢ વરસની પુત્રીને પણ મારતો. ઘરમાં પણ આ પ્રકારનો ગુસ્સો જોઈને પત્નીથી રહેવાતુ નહિ અને કહેતી કે, 'આટલો બધો ધર્મ કરવા છતાં ગુસ્સો કરો છો તે યોગ્ય નથી.' હું કહેતો, 'સારા હેતુથી ગુસ્સો કરું છું તેથી ખરાબ ન ગણાય.' ૨૩ વર્ષની વયે જાણવા મળ્યું કે, શુદ્ધિ જાળવવાથી ધર્મ આરાધના જલદી ફળે. ન્યાયપૂર્વક મેળવેલી સામગ્રીથી જીવનનિર્વાહ કરાય તો જ પૂરી શુદ્ધિ થાય. ધર્મની શરૂઆત્ માર્ગાનુસારીના પહેલા ગુણ 'ન્યાયસંપન્ન વૈભવ' એટલે કે ન્યાયથી મેળવેલ સામગ્રીથી થાય છે. આ માટે જરૂરિયાત ઓછામાં ઓછી હોવી જોઈએ એમ લાગતાં એ દિશામાં પ્રયત્નો આદર્યા અઢી મહિના સુધી બાજરાનો રોટલો ને પાણી બે વખત ને દોઢ મહિના સુધી ફક્ત બાફેલા મગ એક જ વખત જમતો. ફાવી ગયું. આયંબિલ કરીને જીવી શકાય એવી શ્રદ્ધા બેઠી સસ્તા અને ટકાઉ કપડાં પહેર્યા, એકંદર મારો એક દિવસનો ખર્ચ ૨૦ ન. પૈ. જેટલો આવતો. તેમાં ૩૦ પૈ.નું દૂધ ઉમેરવાથી આરામથી જીવી જવાય એમ લાગ્યું. સદ્‌ભાગ્યે પત્ની અને પુત્રીનો પણ સાથ મળ્યો.

આવક માટે મોટાં વાહનો હાંકવાનું લાયસન્સ મેળવ્યું ત્યારે મને ૨૪ વર્ષ થયેલાં. ધંધામાં હરિફાઈ હોવાથી અપ્રમાણિક થવું પડતું. એટલે મેં ધંધો છોડયો. તેથી મારા ભાગનો નફો પિતાના ફાળે જવાથી ટેક્ષ વધુ ભરવો પડયો આથી ભાઈએ મને સમજાવ્યું કે તારા ભાગથી તારા ખર્ચ કરતાં વધારે ટેક્ષ બચી જાય છે તેથી તારું કુટુંબ અમને બોજારૂપ નહિ થાય. મેં ફરીથી ભાગ ચાલુ કર્યો, ત્યારથી ધંધો સભાળવવામાં જે સમય જતો તે બચ્યો અને આખો દિવસ ધાર્મિક વાચન ચિંતન થતું રહ્યું.

'પત્ની બીમાર થતાં ગામના તથા શહેરના ડૉક્ટરો દ્વારા ક્ષયનું નિદાન થયું. સારવારરૂપે ૯૦ ઈન્જેક્શનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધાં પણ સુધારો ન થયો. ત્યાં એક સાધર્મિક મિત્રે પુસ્તકમાંથી જડેલ ઉપાય કહ્યો, 'રોગ મટાડવા નવકારનાં પાંચ પદ અક્ષરેઅક્ષર ઊંધા ક્રમથી ગણવા.' મેં તથા પત્નીએ ઊંધા નવકાર ગણવાનું ચાલુ કરી દીધું. તેના પ્રતાપે મુંબઈ જઈને નિષ્ણાત ડૉક્ટરોને બતાવતાં જાણવા મળ્યું કે ક્ષય નથી ન્યુમોનાઇટીસનો ડાઘ છે. ક્રમીપેનની સામાન્ય ગોળી ખવડાવી અને સારું થઇ ગયું.

૨૮ વર્ષની વયે પંડિત ધીરજલાલ ટોકરશી શાહની બાળગ્રંથાવલિની ત્રણ પુસ્તિકાઓ, ૧. મહાત્માનો મેળાપ ૨. મન જીતવાનો માર્ગ અને ૩ સિદ્ધિદાયક સિદ્ધચક્ર વાંચવાથી નવકારનું વર્ણન મને ગમી ગયું. દરરોજ સમજપૂર્વક નવકારનું વર્ણન વિચારવાનું શરૂ કરી દીધું. પહેલાં ૪૦ મિનિટ લાગતી પણ જેમ જેમ વધુ જાણવાનું મળતું ગયું તેમ તેમ સમય વધુ લાગતો ગયો. દરરોજ એક વખત નવકાર સમજી જતાં ૪।। કલાક લાગવા માંડયા. એ પૂરું થયા પછી ૧૧।। વાગે દંતશુદ્ધિ, સ્નાન તથા ભોજન વગેરે થઇ શકતું. આની જબરી અસર થઇ. છ મહિનામાં ગુસ્સો ઘણો જ ઘટી ગયો. ધર્મનો આદેશ પાળતો થયો. ને ૨૧।। વર્ષ જૂનો દમનો વ્યાધિ મટી ગયો. જેને ડૉક્ટરોએ અસાધ્ય કહ્યો હતો.

હવે મારું વર્તન સુધર્યું, તેથી સૌના મારા તરફનો અણગમો ઘટવા લાગ્યો. મારી બુદ્ધિમાં વધારો થવા લાગ્યો. અને તે સદ્બુદ્ધિ થતી ગઇ, તેથી લોકોમાં આદર પામ્યો.

મને સિદ્ધિઓ અને લબ્ધિઓની જરૂર જણાતી પણ જ્યાં સુધી એનો દુરુપયોગ મારા હાથે થાય એમ હોય ત્યાં સુધી તે ન મળે તો સારું એવી ભાવના રહેતી. ૩૬ વર્ષની વયે ધર્મજના જાડેજા નઉભાની ગળાની તકલીફ મટે તો સારું એવા ભાવ થતાં ગળાને હાથ અડાડયો કે તરત જ ઠંડક પસાર થવાનો અનુભવ થતાંની સાથે સારું થઇ ગયું. અણધાર્યો બનાવ હતો પણ મને થયું કે મારામાં શક્તિ પ્રગટ થઇ હશે. મેં જાતનિરીક્ષણ કર્યું તો જણાયું કે "કોઇ મરું બગાડે તો પણ તે સુધરે ને સુખી થાય એવા ભાવ રહ્યા કરે છે."

૩૭ વર્ષની વયે તા. ૬-૧-૭૦નાં અમારા છ એ બળદોને રજકાથી આફરો થયો હતો. માણસે કહ્યું કે અઠવાડિયા પહેલાં એક મજબૂત ગાયને રજકાથી આફરો થયો હતો ને તરત જ મરી ગઈ હતી. સારવાર કરવા જેટલો પણ સમય ન મળ્યો. મેં તત્કાળ બધાને સારું થઇ જાય એ ભાવના સાથે નવકાર ઉલટા સમજવાનું ચાલુ કર્યું. પંદરેક મિનિટમાં નવકાર સમજી લીધો. ત્યારે જોયું તો બધા બળદોને સારું થઈ ગયુ હતું.

આ પછી અમારી વાડીના ચોકીદાર શંભુ બારોટની ડોક એક બાજુ વળતી ન હતી, તેને બારેક દિવસ થઇ જવાથી ચિંતા કરવા લાગ્યો હતો. તેને સારું થઇ જાય એવા ભાવ સાથે ઉલટો નવકાર ટૂંકમાં સમજી ગયો. અમે છૂટા પડયા પેલો ઘરે પહોંચ્યો ત્યારે ખબર પડી કે ડોક તદ્દન સારી થઈ ગઈ છે.

પ્રત્યક્ષ પ્રમાણેથી બંને પુત્રી અને પત્નીને પણ નવકાર સમજી જવાની ઇચ્છા જાગી. ૧૯૭૧માં માર્ચથી ઓગસ્ટ સુધી દરરોજ દોઢ કલાક સમજાવ્યું અને તેઓ પણ નવકાર સમજવાની આરાધના કરતા થઈ ગયા.

અમુક કષ્ટો આપણા ભલા માટે હોય છે. મારી લાંબી બીમારીના કારણે હું ધર્મ તરફ વળ્યો છું એટલે 'ભલું કરનાર મુશ્કેલીઓ' સિવાયની મુશ્કેલીઓ દૂર થાય એવી ભાવના સાથે નવકારનો પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

ભાયજાથી પગપાળો સંઘ સુથરી પહોંચ્યો ત્યારે સંઘપતિની માળ હીરબાઇ જેઠા ખેતુને પહેરાવતી વખતે હાજર રહેવા અમે જીપ ગાડીમાં જતા હતા, ત્યારે બાડા ગામમાં પહોંચ્યા ને વાળવા છતાં ગાડી વળી નહિ બ્રેક મારીને ભીંત તરફ જતાં રોકી. હવે સુથરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુથરી નહિ જવાય એમ લાગ્યું. નવકાર ચાલુ કરી દીધો. પાછી હાંકી જોઇ તો ચાલી. વાળી જોઈ તો વળી. સંભાળપૂર્વક સુથરી સુધી હાંકી ગયા ત્યાં ઓળખીતો ડ્રાયવર હતો તેને ગાડી તપાસી જોવાનું કહી અમે ઉપાશ્રયમાં પહોંચ્યા. ડ્રાયવરે બીજા ડ્રાયવરને તેડીને જીપ હાંકી જોઇ પણ થોડું ચાલીને પૈડાં આપે.આપ વળી જતાં તળાવની પાળ પર ચડી ગઇ અને પડખે પડી ગઈ. વાળવાનું સ્ટીઅરિંગ કામ કરતું ન હતું. બધાને નવાઇ લાગી કે બાડાથી સુથરી સુધી આ ગાડી કેમ આવી શકી? એ ડ્રાયવરને જ્યારે મગજની તકલીફ થઇ ત્યારે ડોક્ટરોએ કહેલું કે, જિંદગીભર એ લાંબુ અંતર ચલાવી શકશે નહિ. એક સાથે પંદર માઇલ જ ચલાવી શકશે. તેણે મને મંત્ર દ્વારા સાજો કરવાની વિનંતી કરી. મેં નવકાર સમજાવવું શરૂ કર્યું અને તેને પોતાની ઉપર પીંછો ફરતો જણાયો. પાછળથી તેને તદ્દન સારું થઇ ગયું.

નવકારના પ્રતાપે મારી પવિત્ર ઇચ્છાઓ તરત ફળવા લાગી છે. જ્યારે લાયજાના દેરાસરની એક પ્રતિમાની હીરાની ટીલડી ચોરાઈ ગઇ હતી ત્યારે મે ભાવના ભાવી કે, લઇ જનારને સદ્બુદ્ધિ સુજે અને પાછી મૂકી જાય. દશેક દિવસમાં કોઇ ટીલડી પાછી મૂકી ગયું. જેમાં માત્ર એક લાલ કણુ ઓછો હતો.

વડીલોની સગવડ માટે યાત્રાએ જવા અને વ્યાખ્યાન સાંભળવા જવા વધુ સારી ગાડી હોય તો સારું એમ મને લાગ્યું અને મારા ભાઇએ બે મહિનામાં પોતાની મેળે જ સારી ગાડી મોકલાવી દીધી

એક યુવાનના ગળામાં મોટી ગાંઠ નીકળી હતી. દવાથી મટી નહિ. તેને જોયો ત્યારે મને થયું તેની ગાંઠ મટી જાય તો સારુ. એ નિમિત્તે નવકાર એક વખત સમજી ગયો. થોડા સમય પછી તેની ગાંઠ મટી ગઈ હતી!

અમારા વિસ્તારનો જબરો ચોર ચોરી કરવાનું બંધ કરે એવા ભાવ જાગતાં મેં નવકાર સમજીને પૂરો કર્યો. બે વર્ષે તે ચોરે ચોરી કરવાનું છોડી દીધું.

હવે તે પોતાના ધર્મનાં સંતોની ભક્તિ કરે છે અને લોકોની સેવા કરે છે.

કોઇનાં નિકાચિત કર્મો હોય ત્યારે તેની તકલીફ દૂર થઈ શકે એમ ન હોવાથી મેં પ્રયત્નો કર્યા છતાં આખો નવકાર પૂરો થઈ શક્યો નથી અમારી વાડીની કૂતરી ખાઇ શકતી ન હોવાથી તેને સારું થઇ જાય એવા ભાવ સાથે નવકાર સમજવાનો પ્રયત્ન કર્યો. હું આખો નવકાર પૂરો કરી ન શક્યો. થોડા દિવસે તે મરી ગઇ, સેવાળાની સળીઓ ભોંકાવાથી તેના ગળામાં સડો થઇ ગયો હતો. આયુષ્ય વધુ ન હોય કે મજબૂત ન હોય તેને બચાવવો મુશ્કેલ છે.

એક સાધ્વીએ દીક્ષા પહેલાં પોતાના ખરજવા માટે મને પાણી મંત્રી આપવાનું કહ્યું હતું. મેં પાણી પકડીને સમજતાં આખો નવકાર પૂરો કરીને તે પાણી તેમને આપતાં તેમને સુધારો જણાયો. આથી બીજી વખત પાણી મંગાવી ગયા. સારું થઈ ગયું.

એક હરિજનની યોગ્યતા જોઇને જીવનનાં રહસ્યો સમજાવ્યાં. તેનાથી તેનું જીવન નીતિ અને ધર્મમય થઈ ગયું છે. એક નાસ્તિક ગણાતા હાઇસ્કૂલના હેડ-માસ્તરને નવકારની સમજણ તેમના શાસ્ત્રના આધારે સમજાવતા મહાઆસ્તિક થઈ ગયા છે.

એક હાઇસ્કૂલનાં મુખ્યશિક્ષિકાને સિદ્ધ અવસ્થા સમજાવવાથી તેમને સિદ્ધ થવાની ઝંખના જાગી છે.

નવકારને સમજવાનું શીખવવાથી ઘણાના જીવન બદલાઇ ગયાં છે. મંદબુદ્ધિવાળાની બુદ્ધિમાં વધારો થયો છે. સદ્બુદ્ધિ થઇ ગઇ છે. જેમને ધાર્મિક ક્રિયાઓ વેઠ લાગતી હતી તેમને રસથી ભરેલી લાગવા માંડી છે.

આવા કલિયુગમાં પવિત્ર થવા માટે આસ્તિક થઈ જનારાની સંખ્યા વધતી જાય છે એ ખરેખર મોટામાં મોટા ચમત્કાર જણાય છે. જરૂર છે. તેમને સહાય કરવાની. નવકારના ભાવગુણો વિષે સમજાવવાની વ્યવસ્થા થઇ શકે તો કંઈકનું કલ્યાણ થઇ જાય એમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## આજે જ મંગાવો.

શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગર દ્વારા પ્રકાશિત

# શ્રી તીર્થંકર ચારિત્ર [ સચિત્ર ]

: સંપાદિકા :

ડૉ. પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા

એમ.એ. (અંગ્રેજી), એમ એડ, પી.એચ.ડી ( શિક્ષણ )

: પ્રાપ્તિસ્થાન :

## શ્રી જૈન આત્માનંદ સભા

ખોડિયાર હોટલ સામે, ખારગેટ, ભાવનગર.

કિંમત રૂા. ૧૫-૦૦ [પોસ્ટેજ ખર્ચના રૂા. ૩૦-૦૦ અલગ]

-: આ ગ્રંથની વિશિષ્ટતાઓ :-

* ચોવિસે તીર્થંકર ભગવંતોના પ્રત્યેક ભવો સવિસ્તારપૂર્વક આલેખવામાં આવેલ છે.
* ચોવિસે તીર્થંકર ભગવંતોના નયનરમ્ય રંગીન લેમીનેટેડ ફોટાઓ.
* સિદ્ધચક્ર ભગવંતોનો ફોટો * હ્રીંકાર યંત્ર * નિર્વાણભૂમિ.
* યક્ષ-યક્ષિણીઓના ફોટા તેમજ દરેક ભગવંતોની સ્તુતિ.
* ઉપરાંત અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી, ન્યાયાભોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. સા., શાસનસમ્રાટ આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા., શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મ. સા. તથા શાસનદીપક પૂ. આ દેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા.ના રંગીન ફોટાઓ
* દરેક ફોટાઓ પાછળ ફોટા સૌજન્ય દાતાઓના શુભ નામ, દરેક તીર્થંકર ભગવંતોની સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન અને થોય પ્રકાશિત કરવામાં આવ્યા છે.
* પાછળના પેઇજોમાં દરેક ભગવાનનો પરિવાર તથા ચોવિસે તીર્થંકર ભગવાનની સંપૂર્ણ વિગત દર્શાવતો કોઠો પ્રગટ કરવામાં આવેલ છે.
* સભાના પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓએ રૂા. ૩૦-૦૦ M. O. થી મોકલ્યે આ પુસ્તક ભેટ રૂપે મોકલવામાં આવશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવતા સૌથી મોટો ધર્મ

— નગીનભાઇ શાહ ( કોઇમ્બતુર )

શહેરના જીવનમાં કોઈને ફુરસદ નથી કાંઇ પણ બનાવ બને તો લોકો તમાશો જોવા ઊભો રહે છે પરંતુ કોઈ મદદે આવતું નથી. આવો એક પ્રસંગ જોવા મળ્યો અને માનવતાના દર્શન થયા. ચેન્નાઈ ખાતે એક અકસ્માતમાં એક યુવાનને ગંભીર ઇજા થઇ હતી અને તે સડક પર પડયો હતો. લોકો તમાશો જોવા થોડી વાર ઊભા રહેતા હતા અને ચાલતી પકડતા હતા. પરંતુ કોઇને તેને હોસ્પીટલમાં લઇ જવાનું સુઝતું નહોતું.

કેટલાક માણસો પસાર થઇ ગયા કેટલાકને તો એ બાજુએ જોવાની પણ ફુરસદ નહોતી. આ દરમિયાનમાં એક શાકવાળી બાઇ શાક વેચીને ખાલી ટોપલો હાથમાં લઈને ત્યાંથી પસાર થઇ અને ત્યાં ટોળું જોયું એટલે ઊભી રહી અને તેણે આ દ્રશ્ય જોયું અને તેનું દિલ દ્રવી ઉઠયું. યુવક ઇજાથી બેભાન બનીને કણસતો હતો. પેલી બાઈ લોકોને એક બાજુ ખસેડીને ત્યાં આવી અને ત્યાં ઊભા રહેલા માણસોને આ યુવકને હોસ્પિટલમાં લઇ જવા વિનંતી કરી. મદદ કરવાની વાત આવી તો બધા લોકો એક પછી એક સરકી ગયા. પરંતુ પેલી બાઇએ હિંમત ગુમાવી નહીં. તેની પાસે વધારે પૈસા પણ હતા નહીં પરંતુ હિંમત અને માનવતા હતી.

તેણે ત્યાંથી પસાર થતા ટેક્ષીવાળાઓને વિનંતી કરી અને કહ્યું મારી પાસે પૈસા નથી પરંતુ આ મંગળસૂત્ર છે તે વેચીને ભાડું ચૂકવી આપીશ, પરંતુ તું આ યુવકને જલ્દીથી હોસ્પીટલમાં લઇ જા, એક ટેકક્ષીવાળો સંમત થયો અને તેણે અને પેલી બાઇએ સાથે મળીને યુવકને ટેક્ષીમાં ચડાવ્યો અને તે બંને તેને હોસ્પીટલમાં લઇ ગયા. યુવાનનો જાન બચી ગયો. ડોકટરે આ યુવાનનું નામ અને સરનામું પૂછયું પેલી બાઇ અને ટેક્ષી ડ્રાઇવરને એનું નામ અને સરનામાની પણ ખબર નહોતી. ડોકટર આશ્ચર્ય પામ્યા. પેલી ગરીબ સ્ત્રીને કહ્યું. યુવકનો જાન બચી ગયો તેથી મારા મનમાં શાતા વળી છે. હું આ મંગલસૂત્ર વેચીને તમારી ફી ચૂકવી દઇશ. ડોકટરનું હ્રદય પીગળી ગયું. તેમણે કહ્યું, 'બહેન મને શરમાવ નહીં મારે કશી ફી લેવાની નથી. તું ગરીબ થઇને આટલો ભોગ આપી શકે તો હું માનવતા કેમ ભૂલું?'

આ પછી પેલી બાઈએ ટેક્ષીવાળાનો આભાર માન્યો અને મંગલસૂત્ર વેચીને ટેક્ષીભાડું ચૂકવી દેવાની તૈયારી બતાવી તો તેણે પણ પૈસા લેવાની સાફ ના પાડી અને તે ચાલ્યો ગયો.

પેલી ગરીબ શાકભાજી વેચવાવાળી બાઇ સાંજ સુધી હોસ્પીટલમાં રહી અને યુવાન ભાનમાં આવ્યો અને ભય દૂર થયો ત્યારે ડોકટરને તેની સંભાળ રાખવાની ભલામણ કરીને ઘેર ગઈ. તે આભારના શબ્દો કે પ્રશંસા સાંભળવા માટે પણ ઊભી રહી નહીં. તેણે પોતાનું કર્તવ્ય બજાવ્યું હતું તેનો તેને અપાર આનંદ હતો.

જીવનમાં માણસ જ્યારે સારું કામ કરે છે ત્યારે તેનો અપાર આનંદ હોય છે. પૈસા હોય તો જ માનવતાનું કાર્ય થઈ શકે છે એવું નથી. ગરીબ સાધારણ માણસ પણ ધારે તો સેવા, સહાયના અને માનવતાનું કાર્ય કરી શકે છે. સૌથી ઊંચો માનવધર્મ છે તે વગર જીવન વ્યર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાધર્મિક ભાઈ–બહેનોએ વાંચી–વિચારી અમલમાં મુકવા જેવો અમૂલ્ય અનુરોધ

— કનુભાઈ એચ. શાહ-ભાવનગર.

(૧) એક વખત જૈન સમાજ ચા–બીડી વગેરે વ્યસનોથી સર્વથા મુક્ત હતો, આજે આ બદીઓ જૈન સમાજમાં પ્રવેશ પામી ચૂકી છે. એક વખત જૈન બંધુ કંદમૂળનું નામ સાંભળતા ઉબકા ખાતો હતો તેને ઘરે આજે કંદમૂળની રસોઇ સામાન્ય બની ગયા છે. જીવદયા અને અહિંસાના પરમ ઉપાસક અને પ્રચારક જૈન યુવકો એક વખત કતલખાના બંધ કરાવવા આંદોલનો કરતા હતા. આજે તે જ યુવકો ઈંડા–મટન–બીરીયાની–આમલેટ વગેરે ખાતા જરાય શરમ કે સંકોચ અનુભવતા નથી. હજી વધુ મોડું થાય તે પહેલા આ બધા અનિષ્ઠોથી જૈનોને સર્વથા મુક્ત કરવાના પ્રયત્નો કરી છૂટવાનો સમય પાકી ગયેલો છે.

આજે બહેનોમાં સૌંદર્યો પ્રસાધનોનો ઉપયોગ વધી રહ્યો છે, મોટા ભાગના સૌંદર્ય પ્રસાધનો પશુ-પક્ષીઓ પર ક્રુર અત્યાચારો કરી, તેના અંગ ઉપાંગમાંથી તૈયાર કરવામાં આવે છે. આવી ક્રુરતાભરી હિંસાથી બનાવાયેલ પ્રસાધનોનો ઉપયોગ આપણી જૈન બહેનો સર્વથા બંધ કરે તેવા પ્રયત્નો કરવાની તાતી જરૂર છે.

(૨) આજે ધર્મમાં વ્યવહાર વધી ગયો છે અને વ્યવહારમાંથી ધર્મને દૂર હડસેલી દેવાયો છે, ધાર્મિકક્ષેત્રે આડંબર વગેરેથી સર્વથા દૂર રહેવું જોઇએ. તેને બદલે ધાર્મિકક્ષેત્રે આડંબર–આરંભ-સમારંભ વગેરેનું પ્રમાણ વધી ગયું છે. આમાં આમૂલ પરિવર્તન લાવવાની જરૂર છે. ધર્મમાંથી આડંબરને–વ્યવહારને અને આરંભ-સમારંભને તિલાંજલી આપવામાં આવે અને વ્યવહાર ધર્મના જે સિદ્ધાંતો તથા શાસ્ત્રની આજ્ઞાઓને અનુરૂપ બને તેવા પ્રયત્નો આજે કરવાની ખૂબ જરૂરી છે.

(૩) તપશ્ચર્યાની આરાધના, પૂજા–પુજનોની આરાધના વગેરે ધર્મક્રિયાઓનો પાયો આજે પ્રભાવના થઈ ગયેલ છે. આ વલણમાં પરિવર્તન આણવું જરૂરી છે. તપશ્ચર્યા અને ધર્મ-ક્રિયા પૂજા-પૂજન વગેરે એક માત્ર પોતાના આત્માની શુદ્ધિ માટે અને કર્મોની નિર્જરાર્થે વિશુદ્ધ ભાવે કરવાની ભાવના માટે છે.

(૪) આજે આપણા સમાજમાં ક્રિયાઓનું જોર વધ્યું છે, પણ સમ્યગ્જ્ઞાનની આરાધના પ્રત્યે ઉપેક્ષા સેવાઇ રહી છે. સામાયિકની આરાધનામાં શાસ્ત્ર જ્ઞાનસૂત્રોનું જ્ઞાન લેવામાં આવે, તેના અર્થ, શબ્દાર્થ, ભાવાર્થ, અર્થોનું વિસ્તરણ, અર્થ મિમિંસા વગેરે કરવામાં આવે, લીધેલા જ્ઞાન સંબંધીત પ્રશ્નો પૂછી શંકાઓ દૂર કરવામાં આવે વગેરે. સાથે ધર્મકથા કહેવાય, સંભળાય એવું થવું જોઇએ. તેને બદલે આજે નવકારવાળી ગણવાનો સહેલો અને બિનજવાબદાર માર્ગ સ્વીકારાયો છે તેમાં પણ ત્રુટીઓ છે. નવકારવાળી તો શરીરને અડવી ના જોઇએ. છાતી-હૃદય સામે હાથ રાખી ડુંટી સુધી મણકા ફરે તેવી નવકારવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેવી જોઇએ. નવકારવાલી-વસ્ત્ર-જમીન કે કોઈ ચીજ વસ્તુને અડવી ન જોઇએ. કટાસણું અને નવકારવાળી કોઇને અપાય નહિ. અને કોઈ બીજાની લેવાય નહિ. તેવું થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ. સામાયિકમાં સ્વાધ્યાય કરવામાં આવે. સમ્યગજ્ઞાનના પુસ્તકોનું વાંચન કરવામાં આવે. જીવવિચાર-નવતત્વાદિનો અભ્યાસ કરવામાં આવે તે પર ભાર મુકવાની ખાસ જરૂર છે. ક્રિયામાં જ્ઞાન હોય અને જ્ઞાનપૂર્વકની ક્રિયા હોય અને વળી આ બંને સાથે આત્માનું જોડાણ હોય-ઉપયોગ હોય તો મોક્ષ અહીંજ છે એ વાતની આરાધકોને દઢતા કરારવાની છે.

( અનુસંધાન પાના નંબર ૫૮ નું ચાલુ )

આ ત્રણેની વાત સાંભળીને રાજાને બોધ થયો. તેના આંતરચક્ષુ ખૂલી ગયા તે પણ વિચારવા લાગ્યો ૬૫ વર્ષના જીવનમાં મેં શું કર્યું? લોભ, મોહ અને આસક્તિમાં જીવન વીતાવી નાખ્યું. મુખેથી ખાધું નહીં અને બીજાને ખવરાવ્યું નહીં. તે ઘડીએ જ તેણે રાજગાદીનો ત્યાગ કર્યો અને સન્યસ્તના માર્ગે ચાલી નીકળ્યો.

જીવનમાં પણ આવું બને છે. મોજશોખમાં જીવન વીતી જાય છે. મોહ–માયા, લોભ, તૃષ્ણા અને લાલસા છૂટતી નથી. અંત સમય જેમ નજીક આવતો જાય તેમ આંખો ખૂલતી જાય છે. પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. પ્રભુને પ્રાર્થીએ-


પ્રભુ આટલું મને આપજે
આયુષ્યની છેલ્લી ઘડી।
ના રહે મુજને કોઈ બંધન
માયાતણું છેલ્લી ઘડી ॥

[મુંબઇ સમાચાર તા. ૧૧-૧-૯૮ના જિન-દર્શન વિભાગમાંથી સાંભાર.]

## સાભાર સ્વીકાર :

* આ.શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. સા. C/O. દાનસૂરિજી જ્ઞાનમંદિર–અમદાવાદ તરફથી “જિનવાણી પાક્ષીક” ફાઇલ નંગ ૧૪ તથા અર્હંત-તિથિ-ભાસ્કર, જૈન શ્રમણ ૮ હિન્દી, જૈન પ્રજામત દીપિકા, મુનિ સંમેલન નિર્ણય વિ.સં. ૧૯૯૦, સંમેલન એક સમસ્યા, શ્રી ગુણવર્ગા ચરિત્રમ્ (પ્રત), શ્રી ભવ ભાવનાપ્રકરણમ્ (પ્રત),
* શાહ કાંતિલાલ શીવલાલ-અમદાવાદ તરફથી “કૈલાસના સંગે જ્ઞાનના રંગે” લેખક : ગણિવર્યશ્રી જ્ઞાનસાગરજી મ. સા.
* શ્રી કચ્છ પ્રદેશ પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ-બિદડા તરફથી “મંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર” લેખક : મુનિશ્રી ભુવનચંદ્રજી.
* પૂ.આ.શ્રી વિજયદેવસૂરિજી મ.સા. ( હિંમતભાઇ મોતીવાળા હસ્તે ) ભાવનગર તરફથી નીચે મુજબના પાંચ પુસ્તક સ્વાધ્યાય રત્નાવલી નકલ–૨, દ્રવ્યગુણ પર્યાયનો રાસ ઢાળ નકલ–૨, તથા શ્રી વીસસ્થાનક તપની આરાધના.

For Private And Personal Use Only



## ઉત્કર્ષગામી....

अस्मिन् कल्याणमार्गे यः प्रगच्छति यथा यथा ।
तथा तथा तत्कल्याणं भवत्युत्कर्षगामुकम् ॥

卐

* આ કલ્યાણમાર્ગે માણસ જેમ જેમ પ્રગતિ કરે છે, તેમ તેમ તેનું કલ્યાણ ઉત્કર્ષગામી બને છે.

卐

* This (the above-mentioned) is the auspicious path whereupon the more one advances, the more one's welfare is elevated.

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઇટ, ભાવનગર–૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.